# 2 પરંપરાગત તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વિધાનો

## પ્રાસ્તાવિક

આપણે જોઈ ગયાં કે અનુમાન એક માનસિક પ્રક્રિયા છે. જ્યારે દલીલ અનુમાનની શાબ્દિક રજૂઆત છે, જે ભાષા, વાણી કે લેખન દ્વારા રજૂ થાય છે. દલીલનું મૂળભૂત ઘટક વિધાન છે. તેથી આ પ્રકરણમાં આપણે વિધાનના સ્વરૂપની વિગતે સમજૂતી મેળવીશું.

## વિધાનની (Proposition) વ્યાખ્યા

એરિસ્ટોટલે વિધાનનું લક્ષણ આ પ્રમાણે આપેલું છેઃ **''વિધાન એટલે કશાકના વિશે કશીક માહિતી આપતું કથન, પ્રત્યેક કથન કાં તો સત્ય અથવા અસત્ય હોય છે.''**

વિધાનના ઉપર્યુક્ત લક્ષણ પ્રમાણે કેવળ માહિતીનું પ્રદાન કરતી આવી ભાષાનું જ સત્યાસત્યની દૃષ્ટિએ મૂલ્યાંકન થઈ શકે છે. અર્થાત્ ભાષામાં રજૂ થયેલાં કથનો (Statements) ને જ સત્ય કે અસત્ય ગણી શકાય છે. આના પરથી એ સ્પષ્ટ થાય છે કે કોઈ પણ વિષયની કોઈ પણ જાતની માહિતી ધરાવતા કથનને જ વિધાન કહે છે. એરિસ્ટોટલે આપેલી વિધાનની સમજૂતી નીચેનાં ઉદાહરણો દ્વારા મેળવીએ :

(1) સર્વ માણસો મરણશીલ છે. (સત્ય)

(2) ગાંધીજી અમેરિકામાં જન્મ્યા છે. (અસત્ય)

(3) કેટલાક નેતાઓ સેવાભાવી છે. (સત્ય)

(4) કોઈ પણ માણસ બે પગવાળા નથી. (અસત્ય)

(5) કેટલાક શિક્ષકો પૈસાદાર નથી. (સત્ય)

## વિધાન અને વાક્ય વચ્ચેનો તફાવત

વિધાનના સ્વરૂપની સમજૂતી માટે વિધાન અને વાક્ય વચ્ચેનો તફાવત જાણવો જરૂરી છે. બધાં વાક્યોને 'વિધાન' કહી શકાતાં નથી. કેવળ માહિતીપ્રદાનાત્મક વાક્ય જ 'વિધાન' છે આ કારણે તાર્કિક દૃષ્ટિએ વિચારતાં માહિતીપ્રદાનાત્મક વાક્ય પોતે વિધાન નથી, પરંતુ આવાં વાક્યોનો જે અર્થ છે - આમાં જે કથન છે. - જે માહિતીરૂપ વિચાર છે - તે 'વિધાન' છે. આમ, માહિતીપ્રદાનાત્મક વાક્ય દ્વારા જ વિધાન વ્યક્ત થાય છે.

ટૂંકમાં વિધાન અને વાક્ય પરસ્પરથી જુદાં છે. તેમની વચ્ચેના તફાવતની સ્પષ્ટતા નીચેના મુદ્દાઓ દ્વારા કરીએ :

(1) વિધાન અને વાક્ય પરસ્પરથી જુદાં છે, કારણ કે કેવળ માહિતીપ્રદાનાત્મક વાક્યો દ્વારા જ વિધાન વ્યક્ત થાય છે. નીચે જણાવેલાં અન્ય પ્રકારનાં વાક્ય દ્વારા વિધાન વ્યક્ત થઈ શકતું નથી.

(i) તમારો શૈક્ષણિક અનુભવ કેટલો ? (પ્રશ્નાર્થવાક્ય)

(ii) વાહ ! વાહ ! (આશ્ચર્યવાક્ય)

(iii) નિયમિત યોગ કરો. (આજ્ઞાર્થ વાક્ય)

(iv) મહેરબાની કરીને અવાજ કરશો નહિ. (વિનંતીસૂચક વાક્ય)

ઉપરનાં વાક્યો માહિતીપ્રદાનાત્મક નથી, તેથી આ વાક્યોનું સત્યતા કે અસત્યતાની દૃષ્ટિએ મૂલ્યાંકન થઈ શકતું નથી.

(2) જુદા જુદા પ્રકારની વાક્યરચનાવાળાં વિવિધ માહિતીપ્રદાનાત્મક વાક્યો દ્વારા એકનું એક જ વિધાન વ્યક્ત થાય છે. દા.ત.

(i) સર્વ ભારતીય શાંતિપ્રિય વ્યક્તિઓ છે.

(ii) કોઈપણ ભારતીય અ-શાંતિપ્રિય વ્યક્તિ નથી.

આમ જો એકનું એક વિધાન જુદાં જુદાં વાક્યો દ્વારા રજૂ થઈ શકતું હોય તો તેનો અર્થ એ કે વિધાન અને વાક્ય પરસ્પરથી ભિન્ન છે.

(3) જુદી જુદી ભાષાઓનાં અનેક વાક્યો કે વિધાનોમાં પણ એક જ વિધાન વ્યક્ત થતું હોય છે. દા.ત.

(i) જ્ઞાન એ જ સદ્‌ગુણ છે.

(ii) ज्ञान ही सद्‌गुण है।

(iii) Knowledge is virtue

(iv) ज्ञानं ही सद्‌गुणं ।

ઉપરનાં વાક્યો અનુક્રમે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત એમ જુદી જુદી ભાષાઓમાં વ્યક્ત થયેલાં હોવા છતાં આ બધાં ઉદાહરણોમાં સમાનપણે એક જ વિધાન વ્યક્ત થાય છે. આનો અર્થ એ કે વિધાન અને વાક્ય પરસ્પરથી જુદાં છે.

(4) વિધાન હંમેશાં 'હોવું' ક્રિયાપદના વર્તમાનકાળના રૂપમાં જ રજૂ થતું હોય છે. જ્યારે વાક્ય વર્તમાનકાળ ઉપરાંત ભવિષ્યકાળ અને ભૂતકાળના રૂપમાં પણ રજૂ થતું હોય છે.

### મનોયત્ન 2.1

**1. નીચેનાં વિધાનો વાક્ય છે કે વિધાન તે ઓળખાવો :**

(1) કેટલાક કલાકારો ખાદીધારી છે.

(2) ખેમી ખમીરવંતી છે.

(3) 'વહેલા ઊઠવાની ટેવ પાડો.'

(4) 'અતિજ્ઞાન' ખંડકાવ્ય છે.

(5) સરસ ! સરસ !

(6) આકાશ વાદળછાયું છે.

(7) માણસો અનુભવોથી ઘડાય છે.

(8) મહેરબાની કરીને વચ્ચે બોલશો નહિ.

(9) કેટલાંક પુસ્તકો ઉપયોગી છે.

(10) તમારો અભ્યાસ કેટલો ?

**2. નીચના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) દલીલનું મૂળભૂત ઘટક કયું છે ?

(2) કયા વાક્ય દ્વારા વિધાન વ્યક્ત થાય છે ?

(3) 'કશાકના વિશે કશીક માહિતી આપતું કથન' એટલે શું ?

(4) વાક્ય વર્તમાનકાળ ઉપરાંત કયા કાળમાં રજૂ કરી શકાય છે ?

(5) વિધાન હંમેશાં કયા કાળમાં રજૂ થતું હોય છે ?

*

## નિરુપાધિક વિધાનની વ્યાખ્યા

જે વિધાનમાં કોઈ પણ પ્રકારની શરત કે ઉપાધિ વગર સીધેસીધી માહિતી આપવામાં આવી હોય તે વિધાનને નિરુપાધિક વિધાન (Categorical Proposition) કહે છે. દા.ત.,

(1) સર્વ વડીલો માનનીય વ્યક્તિઓ છે.

(2) કેટલાક વડીલો રૂઢિચુસ્ત વ્યક્તિઓ નથી.

**નિરુપાધિક વિધાનનું બંધારણ :** નિરુપાધિક વિધાનનાં આવશ્યક અંગો ત્રણ છે :

(1) ઉદ્દેશ્યપદ (Subject Term) (2) વિધેયપદ (Predicate Term) (3) સંયોજક (Copula)

ઉપર્યુક્ત નિરુપાધિક વિધાનના ત્રણેય અંગોની સમજૂતી મેળવીએ.

(1) નિરુપાધિક વિધાન જેને લગતું હોય તે **ઉદ્દેશ્યપદ** છે. દા.ત. ભારત લોકશાહી દેશ છે. તેમાં 'ભારત' ઉદ્દેશ્યપદ છે.

(2) ઉદ્દેશ્યપદ વિશે નિરુપાધિક વિધાનમાં જે માહિતી હોય તેને **વિધેયપદ** કહેવાય છે. દા.ત. ભારત યુદ્ધપ્રિય રાષ્ટ્ર નથી. તેમાં 'યુદ્ધપ્રિય રાષ્ટ્ર' વિધેયપદ છે.

(3) જેના દ્વારા નિરુપાધિક વિધાનના ઉદ્દેશ્યપદ અને વિધેયપદને સાંકળવામાં આવે છે, તેને **સંયોજક** કહે છે. 'છે' અને 'નથી' એ હોવું (to be) ક્રિયાપદના વર્તમાનકાળનાં રૂપો, સંયોજકો છે. દા.ત.,

(1) કેટલાક વિદ્યાર્થીઓ મહેનતુ છે.

(2) કોઈ પણ વિદ્યાર્થી અવિવેકી નથી.

ઉદાહરણ 1 માં 'વિદ્યાર્થીઓ' ઉદ્દેશ્યપદ, 'મહેનતુ' વિધેયપદને 'છે' સંયોજક દ્વારા સાંકળવામાં આવ્યું છે.

ઉદાહરણ 2 માં 'વિદ્યાર્થી' ઉદ્દેશ્યપદ, 'અવિવેકી' વિધેયપદને 'નથી' સંયોજક દ્વારા સાંકળવામાં આવ્યું છે.

### (1) નિરુપાધિક વિધાનોના વર્ગોની સમજૂતી (Explanation of Classes in Categorical Propositons):

આપણે નિરુપાધિક વિધાનની વ્યાખ્યાની સમજૂતી મેળવી. હવે નિરુપાધિક વિધાનનો ભાવાર્થ, તેની અંદર વપરાયેલા ઘટકો જેવાં કે ઉદ્દેશ્યપદ અને વિધેયપદને વર્ગ (Class)રૂપે ગણીને સમજીશું. આથી, હવે પછી આપણે નિરુપાધિક વિધાનોને 'વર્ગને લગતાં વિધાનો' ગણીશું. આ માટે સૌપ્રથમ વર્ગ એટલે શું તે જાણીએ.

''વર્ગ એટલે અમુક વિશિષ્ટ ગુણો કે લાક્ષણિકતાઓ સમાનપણે ધરાવનાર વ્યક્તિઓ કે પદાર્થોનો સમૂહ. દા.ત. 'માનવ' વર્ગ છે કારણ કે તે 'માનવ' તરીકેની વિશિષ્ટ લાક્ષણિકતાઓ જેવી કે (1) બુદ્ધિશીલતા + (2) પ્રાણીત્વ ધરાવનાર વ્યક્તિઓના સમૂહનો નિર્દેશ કરે છે.

વર્ગ જે પદાર્થો કે વ્યક્તિઓનો બનેલો હોય છે તે પદાર્થો કે વ્યક્તિઓના વર્ગના સભ્યો (Members of the class) કહેવામાં આવે છે. વળી વર્ગનું નામ વર્ગના પ્રત્યેક સભ્યને સમાન અર્થમાં લાગુ પડે છે. તેથી વર્ગના પ્રત્યેક સભ્યને તે વર્ગસૂચક નામથી ઉલ્લેખી (સંબોધી) શકાય છે. દા.ત. 'માનવ' વર્ગના પ્રત્યેક સભ્ય જેવા કે એરિસ્ટોટલ, પ્લેટો, ગાંધીજી વગેરે જેવી પ્રત્યેક વ્યક્તિને, 'માનવ' તરીકે ઉલ્લેખી શકાય છે.

### (2) વર્ગ-સમાવેશન અને વર્ગો વચ્ચેના સંબંધો :

કોઈ પણ બે વર્ગ વચ્ચેના સંબંધનો વિચાર વર્ગ સમાવેશન (Class Inclusion)ની દૃષ્ટિએ થઈ શકે છે. એટલે કે અમુક વર્ગ બીજા વર્ગમાં સંપૂર્ણપણે કે આંશિક રીતે સમાવેશ પામે છે કે નહિ એ પ્રશ્નનો જવાબ આપીને આપણે બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો નિર્દેશ કરી શકીએ છીએ. આ અંગે નીચેની ચાર શક્યતાઓ છેઃ

(1) 'એક વર્ગના સર્વ સભ્યો બીજા વર્ગમાં સમાવેશ પામે છે.' તો આપણે બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે સ્વીકાર કર્યો એમ કહી શકાય.

(2) 'એક વર્ગના કેટલાક સભ્યો બીજા વર્ગમાં સમાવેશ પામે છે' એમ કહેવામાં આવે તો આપણે બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો આંશિક રીતે સ્વીકાર કર્યો છે એમ કહી શકાય.

(3) 'એક વર્ગનો એક પણ સભ્ય બીજા વર્ગમાં સમાવેશ પામતો નથી' એમ કહેવામાં આવે તો આપણે બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણ નિષેધ કર્યો છે એમ કહી શકાય.

(4) 'એક વર્ગના કેટલાક સભ્યો બીજા વર્ગમાં સમાવેશ પામતા નથી.' એમ કહેવામાં આવે તો આપણે બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો આંશિક રીતે નિષેધ કર્યો છે એમ કહી શકાય.

આમ, જો બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણ કે આંશિક રીતે સ્વીકાર થયો હોય તો બંને વચ્ચે વિધિવાચક સંબંધ છે એમ કહેવાય. જો બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણ કે આંશિક રીતે નિષેધ થયો હોય તો 'બંને વચ્ચે નિષેધવાચક સંબંધ છે.' એમ કહી શકાય.

નિરુપાધિક વિધાનના વિવિધ પ્રકારો બે વર્ગો (ઉદ્દેશ્યપદ તથા વિધેયપદ દ્વારા નિર્દેશાતો વર્ગ) વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધની ઉપર્યુક્ત બાબતોનો નિર્દેશ કરતા હોય છે. નિરુપાધિક વિધાનના પ્રકારોની સમજૂતી દ્વારા આ બાબતની વધુ સ્પષ્ટતા મેળવીશું.

## મનોયત્ન 2.2

**1. નીચે આપેલાં વિધાનોમાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદ ઓળખાવો :**

(1) સર્વ વેપારીઓ સાહસિક છે.

(2) કેટલીક દવાઓ કડવી હોતી નથી.

(3) કોઈ પણ ક્રોધી માણસ શાંતિ પામતો નથી.

(4) કેટલાક મકાનમાલિકો સારા છે.

(5) સર્વ પ્રેમીઓ લાગણીપ્રધાન છે.

(6) કેટલાક પદાર્થો પ્રવાહી છે.

(7) શબરી રામભક્ત છે.

(8) કેટલાક યુવાનો આશાવાદી છે.

(9) કેટલાંક નાટકો સુંદર છે.

(10) કેટલાંક મંદિરો સ્વચ્છ નથી.

**(2) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) કોઈ પણ શરત વગરની માહિતી આપવામાં આવી હોય તેને કેવા પ્રકારનું વિધાન કહેવાય છે ?

(2) નિરુપાધિક વિધાનનાં આવશ્યક અંગો કેટલાં છે ?

(3) નિરુપાધિક વિધાન જેને લગતું હોય તેને શું કહેવાય છે ?

(4) ઉદ્દેશ્યપદ અંગે નિરુપાધિક વિધાનમાં જે માહિતી હોય તેને શું કહેવાય છે ?

(5) નિરુપાધિક વિધાનના ઉદ્દેશ્યપદ અને વિધેયપદને સાંકળનારને શું કહેવાય છે ?

(6) અમુક વિશિષ્ટ ગુણો કે લાક્ષણિકતાઓ સમાનપણે ધરાવનાર વ્યક્તિઓ કે પદાર્થોનો સમૂહ એટલે શું ?

(7) બે વર્ગો વચ્ચેના સંબંધનો વિચાર કઈ દૃષ્ટિએ થઈ શકે છે ?

(8) વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે કે આંશિક સ્વીકાર થયો હોય તો બંને વચ્ચે કેવો સંબંધ કહેવાય છે ?

(9) વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે કે આંશિક નિષેધ થયો હોય તો બંને વચ્ચે કેવો સંબંધ કહેવાય છે ?

(10) વર્ગ-સમાવેશનના સંબંધની કેટલી શક્યતાઓ છે ?

**3. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો.**

(1) નિરુપાધિક વિધાનની વ્યાખ્યા આપો.

(2) નિરુપાધિક વિધાનનાં આવશ્યક અંગોનાં નામ જણાવો.

(3) 'વર્ગ' એટલે શું ?

(4) ''વર્ગના સભ્યો'' એટલે શું ?

(5) વિધિવાચક સંબંધની બે શક્યતાઓ જણાવો.

*

## નિરુપાધિક વિધાનના પ્રકારો

નિરુપાધિક વિધાનના પ્રકાર બે દૃષ્ટિએ પડે છેઃ

(1) ઈયત્તા (Quantity) અને (2) ગુણ (Quality)

### (1) ઈયત્તાની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના પ્રકારો :

**ઈયત્તા એટલે વિધાનના ઉદ્દેશ્યપદ દ્વારા નિર્દેશાતા વર્ગના કેટલા સભ્યોનો નિર્દેશ થયો છે તે નક્કી કરતી બાબત.** ઈયત્તાની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના બે પ્રકાર પડે છેઃ (1) સર્વદેશી નિરુપાધિક વિધાન અને (2) એકદેશી નિરુપાધિક વિધાન.

**(1) સર્વદેશી નિરુપાધિક વિધાન :** જે નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશ્યપદ દ્વારા નિર્દેશાતા વર્ગના 'સર્વ સભ્યો'નો ઉલ્લેખ થયો હોય તેને સર્વદેશી નિરુપાધિક વિધાન કહેવાય. દા.ત.,

(i) સર્વ માતાઓ પ્રેમાળ હોય છે. (ii) કોઈ પણ શિક્ષક અભણ નથી.

ઉપર્યુક્ત ઉદાહરણોમાં (1) 'સર્વ' અને (2) 'કોઈ પણ' એ શબ્દોને સર્વદેશી ઈયત્તાકારકો કહેવાય છે.

**(2) એકદેશી નિરુપાધિક વિધાન :** જે નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશ્ય પદ દ્વારા નિર્દેશાતા વર્ગના કેટલાક સભ્યોનો ઉલ્લેખ થયો હોય તેને એકદેશી નિરુપાધિક વિધાન કહેવાય છે. દા.ત.,

(i) કેટલાંક ફૂલો સુગંધિત છે. (ii) કેટલાક વડીલો રૂઢિચુસ્ત માણસો નથી.

ઉપર્યુક્ત ઉદાહરણોમાં 'કેટલાક' શબ્દ એકદેશી ઈયત્તાકારક કહેવાય છે. 'કેટલાક' એ શબ્દ કોઈ નિશ્ચિત સંખ્યા દર્શાવતો નથી. પરંતુ ઉદ્દેશ્ય દ્વારા નિર્દેશાતા વર્ગના કુલ સભ્યોની સંખ્યા જો 100 હોય, તો તેમાંથી 1 થી 99 સુધીના સભ્યોની અનિશ્ચિત સંખ્યા દર્શાવવા માટે 'કેટલાક' શબ્દનો ઉપયોગ થઈ શકે છે. આ હકીકતને ધ્યાનમાં લઈને 'કેટલાક'નો તાર્કિક અર્થ 'ઓછામાં ઓછો એક પરંતુ બધા નહિ' એમ કરાય છે. આમ, 'કેટલાક માણસો પૈસાદાર વ્યક્તિઓ છે' આ વિધાનનો અર્થ એમ થાય કે ઓછામાં ઓછો એક માણસ તો પૈસાદાર છે.

### (2) ગુણની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના પ્રકારો :

**વિધાનનો ગુણ એટલે વિધાનના ઉદ્દેશ્યપદ દ્વારા નિર્દેશાતા વર્ગના સભ્યો અને વિધેયપદ દ્વારા નિર્દેશાતા વર્ગના સભ્યો વચ્ચે વર્ગ-સમાવેશનના સંબંધનો પરસ્પર સ્વીકાર થયો છે કે નિષેધ તે નક્કી કરતી બાબત.** આ પ્રકારના સંબંધનો જો સ્વીકાર થયો હોય તો તેને વિધિવાચક અને નિષેધ થયો હોય તેને નિષેધવાચક સંબંધ કહેવાય છે. વિધાનનો ગુણ **'સંયોજક' ('છે'** અથવા **'નથી') દ્વારા વ્યક્ત થાય છે.**

ગુણની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના બે પ્રકાર પડે છેઃ (1) વિધિવાચક નિરુપાધિક વિધાન અને (2) નિષેધવાચક નિરુપાધિક વિધાન.

**(1) વિધિવાચક નિરુપાધિક વિધાન :** જે નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશ્યપદ દ્વારા નિર્દેશાતા વર્ગ અને વિધેયપદ દ્વારા નિર્દેશાતા વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે કે આંશિક રીતે સ્વીકાર થયો હોય તેને **'વિધિવાચક નિરુપાધિક વિધાન'** કહેવાય છે. દા.ત.,

(i) સર્વ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરે છે. (ii) કેટલાક નેતાઓ સેવાભાવી વ્યક્તિઓ છે.

ઉપર્યુક્ત ઉદાહરણ (i) માં 'છે' સંયોજક છે અને તે ઉદ્દેશ્યપદના વર્ગના સર્વ સભ્યોનો વિધેયપદના વર્ગમાં સમાવેશ થયો છે તેવી માહિતી આપે છે જ્યારે ઉદાહરણ (ii) માં પણ 'છે' સંયોજક છે અને તે ઉદ્દેશ્યપદના વર્ગના કેટલાક સભ્યોનો વિધેયપદના વર્ગમાં સમાવેશ થયો છે એવી માહિતી આપે છે. આમ બંને ઉદાહરણોમાં 'છે' સંયોજક ઉદ્દેશ્યપદ અને વિધેયપદ વચ્ચેના વિધાયક (હકારાત્મક) સંબંધને વ્યક્ત કરે છે.

**(2) નિષેધવાચક નિરુપાધિક વિધાન :** જે નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશ્યપદ દ્વારા નિર્દેશાતા વર્ગ અને વિધેયપદ દ્વારા નિર્દેશાતા વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે કે આંશિક રીતે નિષેધ થયો હોય તેને **નિષેધવાચક નિરુપાધિક વિધાન** કહેવાય છે. દા.ત.,

(i) કોઈ પણ દેવતા માનવી નથી. (ii) કેટલાંક ચલચિત્રો જોવાલાયક નથી.

ઉપર્યુક્ત ઉદાહરણ (i) માં 'નથી' 'સંયોજક' છે, અને તે ઉદ્દેશ્યપદના વર્ગના 'એક પણ સભ્ય' નો વિધેયપદના વર્ગમાં સમાવેશ થયો નથી તેવી માહિતી આપે છે. ઉદાહરણ (ii) માં 'નથી' સંયોજક છે અને તે ઉદ્દેશ્યપદના વર્ગના 'કેટલાક સભ્યો'નો વિધેયપદના વર્ગમાં સમાવેશ થયો નથી એવી માહિતી આપે છે. આમ બંને ઉદાહરણમાં 'નથી' સંયોજક ઉદ્દેશ્યપદ અને વિધેયપદ વચ્ચેના નિષેધક (નકારાત્મક) સંબંધને વ્યક્ત કરે છે.

ઈયત્તા અને ગુણ એ બંનેનો એક સાથે વિચાર કરીએ તો આપણને નિરુપાધિક વિધાનના નીચે જણાવેલા ચાર પ્રકારો મળે છેઃ


(1) સર્વદેશી વિધિવાચક (Universal Affirmative) વિધાન

(2) સર્વદેશી નિષેધવાચક (Universal Negative) વિધાન

(3) એકદેશી વિધિવાચક (Particular Affirmative) વિધાન

(4) એકદેશી નિષેધવાચક (Particular Negative) વિધાન

નિરુપાધિક વિધાનના ઉપર્યુક્ત ચારેય પ્રકારની રજૂઆત નીચેની આકૃતિ દ્વારા કરી શકાય છેઃ




ઉપર્યુક્ત આકૃતિમાં આપેલ નંબરની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે.

(1) સર્વદેશી વિધિવાચક વિધાન (2) સર્વદેશી નિષેધવાચક વિધાન

(3) એકદેશી વિધિવાચક વિધાન (4) એકદેશી નિષેધવાચક વિધાન

**(1) સર્વદેશી વિધિવાચક વિધાન :** ઉદ્દેશ્ય દ્વારા નિર્દેશાતા વર્ગના તમામ સભ્યો વિધેય દ્વારા નિર્દેશાતા વર્ગમાં સમાવેશ પામે છે એમ જણાવતા વિધાનને સર્વદેશી વિધિવાચક વિધાન કહે છે. આમ સર્વદેશી વિધિવાચક વિધાનમાં બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે સ્વીકાર થયેલો છે. દા.ત.,

(i) સર્વ બાળકો નિર્દોષ વ્યક્તિઓ છે. (ii) સર્વ શિક્ષકો ભણેલી વ્યક્તિઓ છે.

'સર્વદેશી વિધિવાચક' માટે ગુજરાતીમાં 'હા' પ્રતીક અને અંગ્રેજીમાં 'A' પ્રતીક વપરાય છે. આથી સર્વદેશી વિધિવાચક વિધાનોને ગુજરાતીમાં 'હા' અને અંગ્રેજીમાં 'A' વિધાન તરીકે ઓળખવામાં આવે છે. 'હા' વિધાનના ઉપર્યુક્ત દૃષ્ટાંતો જોતાં એ સ્પષ્ટ થશે કે ઉદ્દેશ્યને સ્થાને ઉ અને વિધેયને સ્થાને વિ મૂકીને 'હા' વિધાનના તાર્કિકરૂપની પ્રતીકાત્મક રજૂઆત નીચે પ્રમાણે થાય છેઃ

**સર્વ ઉ. વિ. છે.**

**(2) સર્વદેશી નિષેધવાચક વિધાન :** ઉદ્દેશ્ય દ્વારા નિર્દેશાતા વર્ગનો એક પણ સભ્ય વિધેય દ્વારા નિર્દેશાતા વર્ગમાં સમાવેશ પામતો નથી એમ જણાવતા વિધાનને સર્વદેશી નિષેધવાચક વિધાન કહે છે. આમ સર્વદેશી નિષેધવાચક વિધાનમાં બે વર્ગ વચ્ચેના

વર્ગ સમાવેશનના સંબંધનો સંપૂર્ણપણે નિષેધ થયેલો હોય છે. દા.ત.,

(i) કોઈ પણ અધ્યાપક અભણ વ્યક્તિ નથી. (ii) કોઈપણ શહીદ દેશદ્રોહી વ્યક્તિ નથી.

સર્વદેશી નિષેધવાચક માટે ગુજરાતીમાં 'ના' અને અંગ્રેજીમાં 'E' પ્રતીક વપરાય છે. આથી સર્વદેશી નિષેધવાચક વિધાનને ગુજરાતીમાં 'ના' અને અંગ્રેજીમાં 'E' વિધાન તરીકે ઓળખવામાં આવે છે. 'ના' વિધાનની પ્રતીકાત્મક રજૂઆત નીચે પ્રમાણે થાય છેઃ

**કોઈ પણ ઉ.વિ. નથી.**

**(3) એકદેશી વિધિવાચક વિધાન :** ઉદ્દેશ્ય પદ દ્વારા નિર્દેશાતા વર્ગના કેટલાક સભ્યો વિધેય દ્વારા નિર્દેશાતા વર્ગમાં સમાવેશ પામે છે એમ જણાવતા વિધાનને એકદેશી વિધિવાચક વિધાન કહે છે. આમ, એકદેશી વિધિવાચક વિધાનમાં બે વર્ગ વચ્ચેના વર્ગ સમાવેશનના સંબંધનો આંશિક રીતે સ્વીકાર થયેલો હોય છે. દા.ત.,

(i) કેટલાક સંતો પરોપકારી વ્યક્તિઓ છે. (ii) કેટલાક વેપારીઓ પ્રામાણિક વ્યક્તિઓ છે.

એકદેશી વિધિવાચક માટે ગુજરાતીમાં 'હ' અને અંગ્રેજીમાં 'I' પ્રતીક વપરાય છે. આથી એકદેશી વિધિવાચક વિધાન ગુજરાતીમાં 'હ' અને અંગ્રેજીમાં 'I' વિધાન તરીકે ઓળખવામાં આવે છે. 'હ' વિધાનના ઉપર્યુક્ત દૃષ્ટાંતો જોતાં સ્પષ્ટ થશે કે 'હ' વિધાનની પ્રતીકાત્મક રજૂઆત નીચે પ્રમાણે થાય છેઃ

**કેટલાક ઉ. વિ. છે.**

**(4) એકદેશી નિષેધવાચક વિધાન :** ઉદ્દેશ્યપદ દ્વારા નિર્દેશાતા વર્ગના કેટલાક સભ્યો વિધેય દ્વારા નિર્દેશાતા વર્ગમાં સમાવેશ પામતા નથી એમ જણાવતા વિધાનને એકદેશી નિષેધવાચક વિધાન કહે છે. આમ, એકદેશી નિષેધવાચક વિધાનમાં બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનના સંબંધનો આંશિક રીતે નિષેધ થયેલો હોય છે. દા.ત.,

(i) કેટલાક નાગરિકો મતદાન કરનાર વ્યક્તિઓ નથી. (ii) કેટલાક નેતાઓ ભાષણપ્રેમી વ્યક્તિઓ નથી.

એકદેશી નિષેધવાચક વિધાન માટે ગુજરાતીમાં 'ન' અને અંગ્રેજીમાં 'O' પ્રતીક વપરાય છે. આથી એકદેશી નિષેધવાચક વિધાનને ગુજરાતીમાં 'ન' અને અંગ્રેજીમાં 'O' વિધાન તરીકે ઓળખવામાં આવે છે. 'ન' વિધાનના ઉપર્યુક્ત દૃષ્ટાંતો જોતાં સ્પષ્ટ થશે કે 'ન' વિધાનની પ્રતીકાત્મક રજૂઆત નીચે પ્રમાણે થાય છે :

**કેટલાક ઉ. વિ. નથી.**

નિરુપાધિક વિધાનના ચાર પ્રકારોનાં ઉપર દર્શાવેલાં માન્ય રૂપો (Standard Forms) જોતાં એ સ્પષ્ટ થશે કે કોઈ પણ માન્ય રૂપવાળા નિરૂપાધિક વિધાનની રજૂઆત અનુક્રમે ચાર ભાગમાં થયેલી હોય છેઃ

(1) ઈયત્તાદર્શક (2) ઉદ્દેશ્યપદ (3) વિધેયપદ (4) સંયોજક

આ બાબતનો સ્પષ્ટ ખ્યાલ નીચેના કોષ્ટક પરથી આવશેઃ

| વિધાનનો પ્રકાર | ઈયત્તા દર્શક | ઉદ્દેશ્યપદ | વિધેયપદ | સંયોજક |
|---|---|---|---|---|
| હા (A) | સર્વ | ઉ | વિ | છે |
| ના (E) | કોઈ પણ | ઉ | વિ | નથી |
| હ (I) | કેટલાક | ઉ | વિ | છે |
| ન (O) | કેટલાક | ઉ | વિ | નથી |

વિશિષ્ટ વ્યક્તિવાચક વિધાનોને સર્વદેશી વિધાનો તરીકે ઘટાવી શકાય. જો વિધાનોમાં વર્ગ-સમાવેશનના સંબંધનો સ્વીકાર થયો હોય તો તે 'હા' વિધાન ગણાય અને જો નિષેધ થયો હોય તો તે 'ના' વિધાન ગણાય છે. દા.ત.,

(i) ગાંધીજી રાષ્ટ્રપિતા છે - 'હા' (ii) તત્ત્વજ્ઞાન અઘરો વિષય નથી. - 'ના'

## મનોયત્ન 2.3

**1. નીચે આપેલા નિરુપાધિક વિધાનોના પ્રકાર ઓળખાવો :**

(1) સર્વ ત્રિકોણના ખૂણાનો સરવાળો $180^o$ છે.

(2) કોઈ પણ માણસ સંપૂર્ણ વ્યક્તિ નથી.

(3) કેટલાક માણસો વ્યસની વ્યક્તિઓ નથી.

(4) કેટલાક પહેરવેશ શિષ્ટ છે.

(5) કેટલાક અલંકારો મીનાકારી વસ્તુઓ છે.

(6) કેટલાંક ફૂલો સુગંધિત નથી.

(7) સર્વ વિદ્યાર્થીઓ અભ્યાસી વ્યક્તિઓ છે.

(8) કોઈ પણ પ્રમેય અસિદ્ધ નથી.

(9) કેટલાક યુવાનો ખેલદિલ વ્યક્તિઓ છે.

(10) સર્વ કારીગરો ઉદ્યમી વ્યક્તિઓ છે.

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે શબ્દોમાં આપો :**

(1) નિરુપાધિક વિધાનના ઈયત્તાની દૃષ્ટિએ પડતા પ્રકારનાં નામ જણાવો.

(2) નિરુપાધિક વિધાનના ગુણની દૃષ્ટિએ પડતા પ્રકારનાં નામ જણાવો.

(3) નિરુપાધિક વિધાનના કુલ કેટલા પ્રકાર છે ? નામ લખો.

(4) વ્યક્તિવાચક વિધાનને ઈયત્તાની દૃષ્ટિએ કયા પ્રકારમાં ગણાવી શકાય ?

(5) માન્યરૂપવાળા નિરુપાધિક વિધાનની રજૂઆત કેટલા ભાગમાં થયેલી હોય છે ?

**3. વ્યાખ્યા લખોઃ**

(1) સર્વદેશી વિધિવાચક વિધાન

(2) સર્વદેશી નિષેધવાચક વિધાન

(3) એકદેશી વિધિવાચક વિધાન

(4) એકદેશી નિષેધવાચક વિધાન

*

## નિરુપાધિક વિધાનમાં પદોની વ્યાપ્તિ

નિરુપાધિક વિધાનોની બનેલી દલીલોનું મૂલ્યાંકન કરતી વખતે નિરુપાધિક વિધાનનું ઉદ્દેશ્ય પદ તેમજ વિધેય પદ વ્યાપ્ત છે કે અવ્યાપ્ત છે એ નક્કી કરવું જરૂરી છે. તેથી નિરુપાધિક વિધાનના ચારેય પ્રકારોમાં આવતાં પદોની વ્યાપ્તિ અંગે નિર્ણય કરવો જરૂરી છે. આવો નિર્ણય કરવા માટે (1) વ્યાપ્ત પદ એટલે શું ? અને (2) અવ્યાપ્તપદ એટલે શું ? એ જાણવું જરૂરી છે.

**(1) વ્યાપ્ત પદ :** (Distributed Term) વિધાનમાં જે વર્ગના 'સર્વ સભ્યો'નો ઉલ્લેખ થયો હોય તે વર્ગનો નિર્દેશ કરનારું પદ (ઉદ્દેશ્ય પદ કે વિધેય પદ) **'વ્યાપ્ત પદ'** કહેવાય છે.

**(2) અવ્યાપ્ત પદ :** (Undistributed Term) : વિધાનમાં જે વર્ગના 'કેટલાક સભ્યોનો ઉલ્લેખ થયો હોય તે વર્ગનો નિર્દેશ કરનારું પદ (ઉદ્દેશ્ય પદ કે વિધેય પદ) **'અવ્યાપ્ત પદ'** કહેવાય છે.

વ્યાપ્ત પદ અને અવ્યાપ્ત પદની સમજૂતી મેળવ્યા પછી નિરુપાધિક વિધાનના ચારેય પ્રકારોમાં કયાં વિધાનોના ઉદ્દેશ્ય પદ અને વિધેયપદ 'વ્યાપ્ત' છે કે 'અવ્યાપ્ત' છે તે જોઈએ.

**(1) ઉદ્દેશ્યપદની વ્યાપ્તિ :** સર્વદેશી નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશ્ય પદ દ્વારા નિર્દેશાતા વર્ગના 'સર્વ સભ્યો'નો ઉલ્લેખ થયેલો હોય છે. આથી 'હા' અને 'ના' બંને સર્વદેશી વિધાન હોવાથી તે પ્રત્યેકનું ઉદ્દેશ્ય પદ 'વ્યાપ્તપદ' હોય છે. 'હા' તથા 'ના' વિધાનના ઉદ્દેશ્યપદ આગળ આવેલા સર્વદેશી ઈયત્તાકારક (સર્વ અથવા કોઈ પણ) ને આધારે પણ તેમના ઉદ્દેશ્ય પદ 'વ્યાપ્ત પદ' છે એવો નિર્ણય કરી શકાય છે.

આપણે એ પણ જાણીએ છીએ કે એકદેશી નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશ્ય પદ દ્વારા નિર્દેશાતા વર્ગના 'કેટલાક સભ્યો'નો ઉલ્લેખ થયેલો હોય છે. આમ 'હ' તથા 'ન' બંને એકદેશી વિધાનો હોવાથી તે પ્રત્યેકનું ઉદ્દેશ્યપદ 'અવ્યાપ્તપદ' છે. 'હ' તથા 'ન' વિધાનમાં ઉદ્દેશ્યપદ આગળ આવેલ એકદેશી ઈયત્તાકારક (કેટલાક) ને આધારે પણ તેમના ઉદ્દેશ્યપદ 'અવ્યાપ્તપદ' છે એમ નિર્ણય કરી શકાય છે.

**(2) ઉદ્દેશ્ય પદની વ્યાપ્તિનો નિયમ :** ઉદ્દેશ્ય પદ સર્વદેશી નિરુપાધિક વિધાનોમાં 'વ્યાપ્ત' હોય છે અને એકદેશી નિરુપાધિક વિધાનોમાં અવ્યાપ્ત હોય છે.

ઉપર્યુક્ત નિયમને આધારે ચારેય પ્રકારનાં નિરુપાધિક વિધાનોમાં ઉદ્દેશ્યપદની વ્યાપ્તિ અંગે નીચે પ્રમાણે તારવણી કરી શકાય છેઃ

(i) 'હા' વિધાનનું ઉદ્દેશ્ય પદ વ્યાપ્ત હોય છે. (ii) 'ના' વિધાનનું ઉદ્દેશ્ય પદ વ્યાપ્ત હોય છે.

(iii) 'હ' વિધાનનું ઉદ્દેશ્ય પદ અવ્યાપ્ત હોય છે. (iv) 'ન' વિધાનનું ઉદ્દેશ્ય પદ અવ્યાપ્ત હોય છે.

**(3) વિધેય પદની વ્યાપ્તિ :** વિધાનના ઉદ્દેશ્ય પદ આગળ આવેલ ઈયત્તાકારકોને આધારે તે પદની વ્યાપ્તિ અંગે સરળતાથી નિર્ણય લઈ શકાય છે પરંતુ વિધેયપદ આગળ આવો કોઈ સંકેત ન હોવાથી તે પદની વ્યાપ્તિ અંગેનો નિર્ણય કઠિન છે. આ માટે આપણે 'હા', 'ના', 'હ', 'ન' પ્રકારનાં વિધાનોના 'વિધેય'ના ભાવાર્થનો નિર્ણય કરીએ.

'સર્વ માનવો મરણશીલ પ્રાણીઓ છે.' આ ઉદાહરણમાં 'હા' વિધાનમાં એમ જણાવવામાં આવ્યું નથી કે વિધેયપદ 'મરણશીલ પ્રાણીઓના વર્ગના સર્વ સભ્યો માત્ર 'માનવો' જ છે એટલે કે 'મરણશીલ પ્રાણીઓ'નો વર્ગ માત્ર 'માનવ' વર્ગ પૂરતો મર્યાદિત કે સીમિત નથી. આમ આડકતરી રીતે એટલું જ જણાવાયું છે કે 'મરણશીલ પ્રાણીઓ'ના વર્ગમાં કેટલાક જ સભ્યો માનવો છે અર્થાત્ અન્ય વર્ગના સભ્યો જેવાં કે પશુ, પક્ષી જંતુ વગેરે વર્ગના સભ્યો પણ આમાં સમાવિષ્ટ છે. આમ, વિધેયપદના વર્ગનાં તમામ સભ્યોનો ઉલ્લેખ થયેલો ન હોવાથી 'હા' વિધાનમાં વિધેયપદ અવ્યાપ્ત હોય છે.

એ જ રીતે 'કેટલાક નેતાઓ સેવાભાવી વ્યક્તિઓ છે' એ 'હ' વિધાનમાં એમ જણાવવામાં આવ્યું નથી કે, વિધેયપદ 'સેવાભાવી વ્યક્તિઓ'ના વર્ગના સર્વ સભ્યો નેતાઓ છે. અહીં આડકતરી રીતે એટલું જ જણાવવામાં આવ્યું છે કે સેવાભાવી વ્યક્તિઓના વર્ગના 'કેટલાક સભ્યો નેતાઓ છે', બધા નહિ. અર્થાત્ વિધેયપદના વર્ગમાં અન્ય વર્ગોના સભ્યો જેવા કે નર્સ, સંત, અધ્યાપકો વગેરે વર્ગના સભ્યોનો આમાં સમાવેશ થઈ શકે છે. આનો અર્થ એ છે કે 'હ' વિધાનનું વિધેયપદ અવ્યાપ્ત હોય છે.

આમ 'હા' તથા 'હ' એ બંને વિધિવાચક વિધાનોનું વિધેયપદ 'અવ્યાપ્ત' હોય છે.

'કોઈ પણ સ્ત્રી લાગણીહીન વ્યક્તિ નથી' આ 'ના' વિધાન છે અને એના વિધેયપદ લાગણીહીન વ્યક્તિ અંગે આડકતરી રીતે એમ જણાવવામાં આવ્યું છે કે 'લાગણીહીન વ્યક્તિઓ' ના વર્ગના સર્વ સભ્યોને 'સ્ત્રી'ના આખા વર્ગથી વર્જિત (બાકાત - Excluded) રાખવામાં આવેલ છે. બીજી રીતે કહીએ તો, 'લાગણીહીન વ્યક્તિ'ના વર્ગને ચકાસતાં તેમાં 'સ્ત્રી'ના વર્ગનો એકપણ સભ્ય સમાવિષ્ટ નથી એવો ભાવાર્થ નીકળે છે. આનો અર્થ એ કે 'ના' વિધાનનું વિધેયપદ વ્યાપ્ત હોય છે.

એ જ રીતે 'કેટલાક વડીલો રૂઢિચુસ્ત વ્યક્તિઓ નથી' આ 'ન' વિધાનમાં રૂઢિચુસ્ત વ્યક્તિઓ વિધેયપદ છે. એમાં આડકતરી રીતે એમ જણાવવામાં આવ્યું છે કે 'રૂઢિચુસ્ત વ્યક્તિઓ'ના વર્ગના સર્વ સભ્યોને વડીલોના કેટલાક સભ્યોથી વર્જિત (બાકાત - Excluded) રાખવામાં આવેલ છે. આનો અર્થ એ કે 'ન' વિધાનમાં વિધેયપદ વ્યાપ્ત હોય છે.

આમ 'ના' તથા 'ન' બંને નિષેધવાચક વિધાનોમાં વિધેયપદ 'વ્યાપ્ત' હોય છે.

વિધેયપદની વ્યાપ્તિને લગતી ઉપર્યુક્ત સમજૂતી પરથી વિધેયપદની વ્યાપ્તિ અંગે નીચે પ્રમાણેનો નિયમ તારવી શકાય છે.

**(4) વિધેયપદની વ્યાપ્તિનો નિયમ :** વિધેયપદ નિષેધવાચક વિધાનો ('ના' 'ન') માં વ્યાપ્ત હોય છે. અને વિધિવાચક વિધાનોમાં ('હા' 'હ' માં) અવ્યાપ્ત હોય છે.

ઉપર્યુક્ત નિયમને આધારે ચારેય પ્રકારનાં નિરુપાધિક વિધાનમાં વિધેયપદની વ્યપ્તિ અંગેની તારવણી આ પ્રમાણે કરી શકાય છેઃ

(i) 'હા' વિધાનનું વિધેયપદ 'અવ્યાપ્ત' હોય છે. (ii) 'ના' વિધાનનું વિધેયપદ 'વ્યાપ્ત' હોય છે.

(iii) 'હ' વિધાનનું વિધેયપદ 'અવ્યાપ્ત' હોય છે. (iv) 'ન' વિધાનનું વિધેયપદ વ્યાપ્ત હોય છે.

નિરુપાધિક વિધાનનાં બંને પદો ઉદ્દેશ્યપદ અને વિધેયપદની વ્યાપ્તિ અંગેની સંયુક્ત રજૂઆત નીચેના કોષ્ટક દ્વારા સ્પષ્ટ કરી શકાય છે.

| ક્રમાંક | વિધાન | ઉદ્દેશ્યપદ | વિધેયપદ |
|---|---|---|---|
| 1 | હા (A) | વ્યાપ્ત | અવ્યાપ્ત |
| 2 | ના (E) | વ્યાપ્ત | વ્યાપ્ત |
| 3 | હ (I) | અવ્યાપ્ત | અવ્યાપ્ત |
| 4 | ન (O) | અવ્યાપ્ત | વ્યાપ્ત |

## મનોયત્ન 2.4

**1. નીચે આપેલા નિરુપાધિક વિધાનોના પ્રકાર જણાવી પદોની વ્યાપ્તિ જણાવો :**

(1) કોઈ પણ કુંવારી વ્યક્તિ પરણેલી વ્યક્તિ નથી.

(2) કેટલાંક નાટકો સુંદર અભિવ્યક્તિઓ છે.

(3) સર્વ વેપારીઓ પૈસાદાર વ્યક્તિઓ છે.

(4) કેટલાક સંતો પૂજનીય વ્યક્તિઓ છે.

(5) કેટલાંક બાળકો તોફાની વ્યક્તિઓ નથી.

(6) સર્વ વાહનો પ્રદૂષણ ફેલાવે છે.

(7) કોઈ પણ પ્રોફેસર અભણ વ્યક્તિ નથી.

(8) સર્વ મીઠાઈઓ મીઠી વસ્તુઓ છે.

(9) કેટલાક વિદ્યાર્થીઓ આળસુ વ્યક્તિઓ નથી.

(10) કેટલાંક ભજનો લોકપ્રિય છે.

**2. નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વિધાનોમાં આપો :**

(1) વ્યાપ્ત પદ એટલે શું ?

(2) અવ્યાપ્ત પદ એટલે શું ?

(3) ઉદ્દેશ્ય પદની વ્યાપ્તિનો નિયમ જણાવો.

(4) વિધેય પદની વ્યાપ્તિનો નિયમ જણાવો.

(5) કેવા પ્રકારના વિધાનમાં બંને પદો વ્યાપ્ત હોય છે ?

(6) કેવા પ્રકારના વિધાનમાં બંને પદો અવ્યાપ્ત હોય છે ?

(7) નિરુપાધિક વિધાનના ઉદ્દેશ્ય અને વિધેય પદની વ્યાપ્તિ અંગેની સંયુક્ત રજૂઆત કરતું કોષ્ટક દોરો.

(8) એકેદેશી વિધિવાચક વિધાનમાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદ કેવું હોય છે ?

(9) સર્વદેશી વિધાનોના પ્રકાર જણાવી તેમાં ઉદ્દેશ્ય પદ કેવું હોય છે તે જણાવો.

(10) વિધિવાચક વિધાનોના પ્રકાર જણાવી તેમાં વિધેય પદ કેવું હોય છે તે જણાવો.

## સ્વાધ્યાય 2

**1. નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખોઃ**

(1) વિધાન હંમેશાં કયા કાળમાં રજૂ થતું હોય છે ?

(અ) ત્રણેય કાળ (બ) ભવિષ્યકાળ (ક) વર્તમાનકાળ (ડ) ભૂતકાળ

(2) નિરુપાધિક વિધાનનાં અંગો કેટલાં છે ?

(અ) બે (બ) ચાર (ક) પાંચ (ડ) ત્રણ

(3) બે વર્ગ વચ્ચેના વર્ગ-સમાવેશનનો સંપૂર્ણપણે કે આંશિક રીતે સ્વીકાર થયો હોય તો બંને વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે ?

(અ) વિધિવાચક (બ) નિષેધવાચક (ક) એકસરખો (ડ) વિરુદ્ધ

(4) ગુણની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના કેટલા પ્રકાર પડે છે ?

(અ) ત્રણ (બ) ચાર (ક) બે (ડ) પાંચ

(5) એકદેશી ઈયત્તાદર્શક તરીકે કયા શબ્દનો ઉપયોગ થાય છે ?

(અ) સર્વ (બ) કેટલાક (ક) કોઈ પણ (ડ) દરેક

(6) સર્વદેશી નિષેધવાચક વિધાનનું પ્રતીક કયું છે ?

(અ) હા (બ) હ (ક) ના (ડ) ન

(7) ''કેટલાંક ફળો મીઠા છે'' આ કેવા પ્રકારનું વિધાન છે ?

(અ) ના (બ) ન (ક) હ (ડ) હા

(8) વિધાનમાં જે વર્ગના 'કેટલાક સભ્યો'નો ઉલ્લેખ થયો હોય તે વર્ગનો નિર્દેશ કરનાર પદને શું કહેવાય છે ?

(અ) વ્યાપ્ત પદ (બ) અવ્યાપ્ત પદ (ક) ઉદ્દેશ્ય પદ (ડ) વિધેયપદ

(9) સર્વદેશી નિરુપાધિક વિધાનમાં ઉદ્દેશય પદ કેવા પ્રકારનું હોય છે ?

(અ) વ્યાપ્ત (બ) અવ્યાપ્ત (ક) એકદેશી (ડ) નિષેધવાચક

(10) કયા વિધાનમાં ઉદ્દેશ્યપદ અને વિધેયપદ બંને અવ્યાપ્ત હોય છે ?

(અ) સર્વદેશી વિધિવાચક વિધાન (બ) સર્વદેશી નિષેધવાચક વિધાન

(ક) એકદેશી વિધિવાચક વિધાન (ડ) એકદેશી નિષેધવાચક વિધાન

**2. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તર લખો :**

(1) વિધાન એટલે શું ? વિધાન અને વાક્ય વચ્ચેનો તફાવત જણાવો.

(2) નિરુપાધિક વિધાનનાં અંગો જણાવી તેની ઉદાહરણ સહિત સમજૂતી આપો.

(3) વર્ગ એટલે શું ? વર્ગ-સમાવેશનના સંબંધની ચાર શક્યતાઓ જણાવો.

(4) ઈયત્તાની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના પ્રકારોની ઉદાહરણ સહિત સમજૂતી આપો.

(5) ગુણની દૃષ્ટિએ નિરુપાધિક વિધાનના પ્રકારોની ઉદાહરણ સહિત સમજૂતી આપો.

(6) નિરુપાધિક વિધાનના ચાર પ્રકારોની આકૃતિ દ્વારા સમજૂતી આપો.

(7) વ્યાપ્તપદ અને અવ્યાપ્ત પદની ઉદાહરણ સહિત સમજૂતી આપો.

(8) નિરુપાધિક વિધાનોના ચારેય પ્રકારમાં ઉદ્દેશ્ય પદની વ્યાપ્તિ અંગેની સમજૂતી આપો.

(9) નિરુપાધિક વિધાનમાં ચારેય પ્રકારનાં વિધેય પદોની વ્યાપ્તિ અંગેની સમજૂતી આપો.